## જન્મદિને વધામણી



બિમલભાઈ હરીશભાઈ રાવલ
મો. ૯૪૨૮૫ ૯૫૬૦૦



બિનલ શૈલેષ મુનશી
સલાહકાર, એલઆઈસી, જીઆઈસી
મો. ૯૮૨૫૭ ૮૭૬૪૭

# કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા સર્વ નેતૃત્વ કાર્યક્રમ







કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજીત સર્વ નેતૃત્વ કાર્યક્રમ (લીડરશીપ ટ્રેઈનીંગ પ્રોગ્રામ) તા. ૧ થી ૫ ફેબ્રુઆરી, ૨૦૧૬ દરમિયાન સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી ખાતે યોજાઈ ગયો, જેમાં ગાંધીનગરમાં આવેલ કડી કેમ્પસની જુદી જુદી આઠ કોલેજોના કુલ ૬૧ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

યુવા વિદ્યાર્થીઓમાં નેતૃત્વ સંચાલન અને વ્યક્તિ પ્રતિભાના ગુણો વિકસે સાથે સાથે દેશના જવાબદાર નાગરિક તરીકેની જવાબદારીથી વાકેફ થાય તે હેતુસર ૨૦૦૯ થી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. સમગ્ર કાર્યક્રમમાં નિષ્ણાત ટ્રેઈનર દ્વારા રચનાત્મક રીતે યુવા વિદ્યાર્થીઓને અલગ અલગ પ્રવૃત્તિ જેવી કે યોગાસન, વ્યાખ્યાન, ફિલ્મ, પ્રેઝન્ટેશન, જુથ સંવાદ, ટેલેન્ટ ઈવનીંગ અને વિવિધ રમતો થકી ટાઈમ મેનેજમેન્ટ, લીડરશીપ, ઈવેન્ટ મેનેજમેન્ટ અને ટીમ વર્કિંગની ક્ષમતાને બહાર લાવવા પ્રયત્ન કરાયો હતો. વિદ્યાર્થીઓ સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી સમજે તે આશયથી પાંચ દિવસીય નિવાસી શિબીરના છેલ્લા દિવસે બધા વિદ્યાર્થીઓને રેડ ક્રોસ સોસાયટી, હિંમતનગર અને રક્તપિત્તગ્રસ્તો તથા માનસિક વિશિષ્ટ વ્યક્તિઓ માટે કાર્યરત એવી "સહયોગ કુષ્ટયજ્ઞ ટ્રસ્ટ", રાજેન્દ્રનગર ચોકડી, જી: સાબરકાંઠાની સામાજિક મુલાકાત કરાવાઈ હતી, જેમાં કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ વતી રૂ.૫૦૦૧ નું દાન કરવામાં આવ્યું હતું.

નિવાસી શિબિરના અંતે સમાપન સમારંભમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચેરમેન શ્રી. વલ્લભભાઈ પટેલે ઉપસ્થિત રહી પ્રાસંગિક ઉદબોધન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના કો-ઓર્ડિનેટર શ્રી અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના પ્રો. ધર્મેન્દ્ર પટેલે કર્યું હતું, જેમને સહાયક તરીકે વીપીએમપીના પ્રો. સચિનભાઈ દ્વારા સહાય કરવામાં આવી હતી.

## સે. ૨૪ની સરકારી પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની શહેર વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ

ગાંધીનગર, તા. ૮

સૅક્ટર-૨૪ની સરકારી પ્રાથમિક શાળા નં. ૧ની વિદ્યાર્થીની અવની પરમારે શહેરની વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવી શાળાના ગૌરવમાં વધારો કર્યો છે.

ધોરણ-૭ની વિદ્યાર્થીની અવની દશરથભાઈ પરમારે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા આયોજિત શહેરની શાળાઓની વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો અને 'સ્વામી વિવેકાનંદની એકાગ્રતા' વિષય પર વક્તવ્ય આપી પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. અવનીને ડૉ. કમલેશ ઉપાધ્યાય (બી જે મૅડિકલ કૉલેજ)ના હસ્તે શિલ્ડ તેમજ પ્રમાણપત્ર પ્રાપ્ત થયું હતું.



શાળાનાં આચાર્યા અંજનાબેન પટેલ અને સમગ્ર શાળા પરિવારે અવનીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

અત્રે એ બાબત ઉલ્લેખનીય છે કે આ અગાઉ ડૉ. ભીમરાવ આંબેડકર વિષયે વક્તૃત્વ સ્પર્ધામાં પણ અવની પરમારે દ્વિતિય ક્રમાંક મેળવીને શાળાના ગૌરવમાં વધારો કર્યો હતો.

## પુસ્તક પરબનો સાદ : લઈ જાઓ બે પુસ્તક અને બે મૅગેઝિન મફત





ગાંધીનગર, તા. ૮

આવો... આવો...આવો... બે પુસ્તક અને બે મૅગેઝીન મફત લઈ જાઓ... આવો સાદ પુસ્તક પરબનાં સભ્યો દર મહિનાના પ્રથમ રવિવારે સવારે ઘ-૪ના સર્કલે ઊભાં રહીને પાડે છે. છેલ્લાં બે વર્ષથી યોજાઈ રહેલી પુસ્તક પરબમાં દિવસે ને દિવસે એનાં ચાહકો, વાચકો અને દાનવીરોનો નોંધપાત્ર વધારો નોંધાઈ રહ્યો છે.

માતૃભાષા અભિયાન અંતર્ગત આ પુસ્તક પરબ પ્રજ્ઞા પટેલની રાહબરી હેઠળ યોજાય છે. કવિ કિશોર જીકાદરા, અશોક ત્રિવેદી, દિશાન્ત ગર્ગ, ધુર્જટી પ્રજાપતિ, ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રીઓ મૂળજીભાઈ પરમાર અને સંજય થોરાત, રણછોડભાઈ પરમાર, રોહા પરમાર, આશા સરવૈયા આ પ્રવૃત્તિમાં હોંશભેર પોતાની સેવાઓ પૂરી પાડે છે.

પુસ્તક ઘરે-ઘરે પહોંચે અને વંચાય એવા શ્રેષ્ઠ કાર્યમાં પ્રોત્સાહન આપવા વી ઍસ ગઢવી કાયમ હાજરી પૂરાવે છે તો પૂર્વ મંત્રી મહેન્દ્ર ત્રિવેદી પુસ્તકો દાન કરવા સાથે એમની હાજરીથી પ્રવૃત્તિને પોંખે છે. આ મહિનાની પુસ્તક પરબમાં ૩૫૦થી વધુ સભ્યો મફત પુસ્તક લઈ ગયાં તો અનેક લોકો પુસ્તકો દાનમાં પણ આપી ગયાં.

તા. ૨૧ ફેબ્રુઆરીએ માતૃભાષઆ દિવસ અન્વયે સરકારી શાળા, સૅક્ટર-૮ ખાતે એક કાર્યક્રમ કરવાનો સંકલસ્પ પણ પુસ્તક પરબનાં સભ્યોએ કર્યો છે. ગુજરાતી સાહિત્યનો પ્રચાર કરવાનો આ અભિગમ લોકપ્રિયતા પામી રહ્યો છે.

## જિલ્લાકક્ષાની ૧૫૦૦ મીટર દોડ સ્પર્ધામાં પ્રથમ ક્રમે આદર્શ નિવાસી શાળા



ગાંધીનગર, તા. ૮

આદર્શ નિવાસી શાળા (અજા) કન્યા, સૅક્ટર-૮ની વિદ્યાર્થીનીઓએ ખેલ મહાકુંભમાં સતત સારો દેખાવ કરી શાળાનું ગૌરવ વધાર્યુ છે. જેમાં ધોરણ-૯ની વિદ્યાર્થની ભાવના ડી ચૌહાણે ૧૫૦૦ મીટર દોડમાં જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી રાજ્યકક્ષાએ પોતાની પસંદગી નિશ્ચિત કરી છે.

ઉપરાંત, ધોરણ-૯માં અભ્યાસ કરતી ઋષિતા ડી પરમાર ચક્ર ફેંકમાં ત્રીજા ક્રમે તથા ૮૦૦ મીટર દોડમાં બીજા ક્રમે, પૂજા એન રાઠોડ બરછી ફેંકમાં ત્રીજા ક્રમે, દિપીકા વાળા ઊંચી કૂદમાં ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. ધોરણ-૧૧ની મહિમા પંડ્યાએ લંગડી ફાળકૂદમાં બીજો, કુસુમ મહેરિયાએ લંગડીમાં ત્રીજો, ૧૫૦૦ મીટર દોડમાં ત્રીજો અને મોના મકવાણાએ ૮૦૦ મીટર દોડમાં ત્રીજો ક્રમ મેળવ્યો હતો.

વિદ્યાર્થીનીઓના ખેલ પ્રદર્શનને શાળાના પીટી શિક્ષક આર જી ડામોર, આચાર્યા કુસુમબેન ચૌહાણ તથા શાળા પરિવારે બિરદાવી તેમને અભિનંદન પાઠવ્યા હતા.

# 'નિજાનંદ-૨૦૧૬'માં યુવા શક્તિનું સુંદર પ્રદર્શન







શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટૅકનોલૉજી, ભાટ ખાતે અઠવાડિક રમતોત્સવ 'નિજાનંદ-૨૦૧૬'નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રણજી ટ્રોફી પ્લેયર નીલેશ ચૌહાણ, તેજલ કારિયા, ટ્રસ્ટી અક્ષરપ્રકાશ સ્વામી, ધર્મનંદન સ્વામી, શિવજીભાઈ પટેલ, પ્રિન્સિપાલ ધર્મેશ વંડરા અને હેડ સંજય શર્મા દ્વારા મશાલ પ્રજ્વલિત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ મશાલ લઈને બાઈક પર રેલી યોજી હતી અને વિવિધ પ્રકારનાં પિરામીડનાં પ્રદર્શન કર્યાં હતાં, જેના કારણે આ ઉદ્ઘાટન કાર્યક્રમ ખાસ્સો રોચક બની રહ્યો હતો અને આગામી દિવસોમાં આ કાર્યક્રમ કેટલો રસપ્રદ બની રહેવાનો છે તેની એંધાણી પણ આવી ગઈ હતી. રમતોત્સવના આ સપ્તાહ દરમ્યાન ક્રિકેટ, વૉલીબૉલ, બૅડમિંટન સાથે વિસરાઈ ગયેલી રમતો - ખબડી, રસ્સાખેંચ, ગિલ્લી દંડાનું આયોજન પણ કરવામાં આવ્યું છે, જેમાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓએ ઉત્સાહ અને તૈયારી દાખવી છે.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
ઘાયલ વન્સ અગેઈન
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
સનમ તેરી કસમ
૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
ઍરલિફ્ટ
૧.૦૦

**સ્ક્રીન-૪**
સનમ તેરી કસમ
૧૦.૦૦
મસ્તીઝાદે (એ)
૧.૧૫, ૪.૩૦, ૧૦.૦૦
સાલા ખડૂસ
૭.૩૦

**સ્ક્રીન-૫**
ઍરલિફ્ટ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
ઍરલિફ્ટ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
ઘાયલ વન્સ અગેઈન
૧૦.૦૦
સનમ તેરી કસમ
૧૨.૪૫

## સરદાર પટેલ સ્મારક ખાતે સેવા સંસ્મરણ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૮

સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ સોસાયટી, શાહીબાગ તથા અન્ય સંસ્થાઓના ઉપક્રમે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી તથા સરદાર પટેલ સ્મારકના સંસ્થાપક સ્વ. બાબુભાઈ જશભાઈ પટેલની ૧૦૫મી જન્મજયંતિ નિમિત્તે સેવા સંસ્મરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ સોસાયટી, શાહીબાગના મહામંત્રી આર એસ પટેલે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે આ કાર્યક્રમ અંતર્ગત જાહેર જીવનમાં સાદગી, સંસ્કાર અને સ્વચ્છ જીવનના પ્રેરણાદાયી પ્રતીક સમા સ્વ. બાબુભાઈ જશભાઈ પટેલ વિશે જાણીતા પત્રકાર પ્રકાશ ન શાહ તથા સ્વ. બાબુભાઈ પટેલના પૂર્વ અંગત મંત્રી પ્રભાકરભાઈ ખમાર વ્યાખ્યાન આપશે.

'સરદાર પટેલ ઑડિટોરિયમ' સરદાર પટેલ સ્મારક, શાહીબાગ, અમદાવાદ ખાતે તા. ૯ ફેબ્રુઆરીના રોજ સાંજે ૪.૩૦થી ૬ દરમ્યાન યોજવામાં આવશે.

# શાળાઓ એ બાળકની કારકિર્દીનો માર્ગ કંડારતી મહત્વની સંસ્થાઓ છે

ઉત્તમ શાળા પસંદ કરવા માટે દિવસ - રાત એક કરતા હોય છે

આમ છતાં પસંદ કરેલી શાળાઓની કાયમી ફેકલ્ટી અંગે કાળજીપૂર્વક વિશ્લેષણ ખૂબ જ મહત્વનું બની રહે છે. જો કે આ કામગીરી ઘણીવાર કંટાળાજનક બની રહે છે અને જૂદા જૂદા લોકોના અલગ અલગ અભિપ્રાય સાંભળવા મળતા હોય છે.

દરેક સારી સ્કૂલમાં હંમેશાં સારો સ્ટાફ હોય તેવુ બનતું નથી. તમારૂ બાળક જે રીતે વિકસે છે તેમાં તેના પરિવારની પણ ભૂમિકા હોય છે. શિક્ષકો સાથે તો તે અડધો દિવસ જ વિતાવે છે. શિક્ષકો માટે માત્ર શિક્ષણ આપવાનું જ કામ હોતું નથી. આ કામને આનંદપ્રદ બનાવવાની અને બાળકમાં કૂતુહલ ઉભુ કરવાની બાબતનુ મહત્વ ક્યારેય ઓછુ હોતુ નથી. શાળાનો અભ્યાસ પૂરો કરવાની ડેડલાઈન્સ પણ હોય છે. બાળકનું ધ્યાન સ્વેચ્છાએ દોરાતુ રહે તે માટે નવતર પ્રકારના પ્રયાસ કરવાના રહે છે.

સારા શિક્ષકો વિદ્યાર્થીઓને ઘરથી દૂર ઘર જેવો અનુભવ આસાનીથી મળી રહે તે માટે પ્રયાસ કરે છે. ચોકકસ ક્લાસમાં દરેક વિદ્યાર્થીમાં રસ લેવાથી અને તેમના રસના વિષયો સમજવાથી એક જોડાણનો માત્ર પાયો વિસ્તરે છે. આ જોડાણને લાંબા ગાળા માટે પોષવાનું હોય છે, શાળાનાં વર્ષો પછી પણ. શાળાઓ વિદ્યાર્થીઓની અભિરૂચિ અને વિષયમાં હાંસલ કરેલી પ્રગતિ જાણવા માટે નિયમિત પરીક્ષા લેતા હોય છે, પણ બાળકોને તે ભયાનવક સપના જેવુ ન લાગી પડકારરૂપ કાર્ય જેવુ લાગવુ જોઈએ.

બાળકને જે તે વિષયમાં રસ પડે તેમાં તેને આગળ દોરવો જોઈએ. માતા-પિતાના અને શિક્ષકોના મનમાં પરફોર્મન્સનું વિશ્લેષણ સમાનપણે એક મોટી બાબત ગણાતી હોય છે. નબળો દેખાવ કરનારા વિદ્યાર્થીઓને અળગા પાડવાને બદલે વિવિધ વ્યુહરચનાઓ ઘડીને આ નબળાઈઓ દૂર થાય તેવા પ્રયાસો હાથ ધરાવા જોઈએ. આ પ્રક્રિયામાં બાળક તેની નબળાઈઓને કારણે શરમ અનુભવે નહી તેનું ધ્યાન રાખવુ જોઈએ. હકિકતમાં બાળકમાં પડેલી હકારાત્મક બાબતોને ઉપસાવવી જોઈએ અને એવા વિકલ્પો હાથ ધરાવા જોઈએ કે જેથી નબળાઈઓ તાકાતનો એક નવો સ્થંભ બની રહે. આમ છતાં, એ યાદ રાખવું મહત્વનું બની રહે છે કે બાળકના જીવનમાં તેનાં પ્રથમ શિક્ષક માતાપિતા છે. તેમના સાનિધ્યમાં જ તે દુનિયામાં પા પા પગલી માંડતાં શિખે છે. પ્રેમાળ પરિવાર, પાયાના સિધ્ધાંતો અને યોગ્ય સિક્ષણ દ્વારા એક મજબૂત પાયો રચાય છે, અને એ પછી બાળક શાળાના શિક્ષણને યોગ્ય અભિગમ દ્વારા આસાનીથી ગ્રહણ કરી શકે છે.

- એલિસ મેથ્યુ,
આચાર્ય, સીપીએસ ગાંધીનગર

### આંતરરાષ્ટ્રીય સંસ્થા કર્નાળા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

# સ્વાતંત્ર્ય વીર સાવરકરના ૫૦મા આત્મસમર્પણ દિને ભગુર (નાસિક) ખાતે રાજ્યસ્તરીય સાહિત્ય સંમેલન અને મિત્રમંડળ મેળાનું આયોજન



અમદાવાદ તા. ૮

કર્નાળા ચેરીટેબલ ટ્રસ્ટ ગુજરાતના પ્રમુખ શ્રી જૈમુની શુક્લે એક નિવેદનમાં જણાવ્યું છે કે આઝાદીની ચળવળ વખતે વિદેશી કાપડની હોળી કરનાર તેમજ કોલેજમાંથી બરતરફ થનાર એવા પ્રથમ ભારતીય વિદ્યાર્થી વિનાયક દામોદર સાવરકર હતા. મહારાષ્ટ્રના ભગુર (નાસિક) ખાતે તા.૨૮ મી મે ૧૮૮૩ ના રોજ જન્મેલ સાવરકર મોટા થતાં દેશભરમાં હિંદુ હ્રદયસમ્રાટ સ્વાતંત્ર્યસેનાની તરીકે પંકાયા હતા. તેમણે અંગ્રેજો સામે ટક્કર ઝીલવા ૧૯૦૪ માં "મિત્રમેળા" ની રચના કરી. અભિનવ ભારત નામનાં ક્રાંતિકારી જૂથની સ્થાપના કરી દેશ ભક્તોની એક ફોજ ખડી કરી હતી. દેશની આઝાદીની ચળવળને પશ્ચિમ અને મધ્ય ભારતમાં મિત્રમેળા સંગઠનને ખૂબ જ સફળતા મળી હતી. એમાંથી જ પાછળથી પશ્ચિમના દેશોમાં 'ગદ્દર પાર્ટી' બની હતી. વીર સાવરકર શ્રેષ્ઠ લેખનકાર હતા. તેઓ નિઃસીમ પ્રતિભાસંપન્ન સાહિત્યિકકવિ, વિજ્ઞાનનિષ્ઠ, સમાજસુધારક અને પ્રખર રાષ્ટ્રના પ્રણેતા હતા. તેમના દેશભક્તિના લોકગીતો રસોડામાં અને રસ્તા ઉપર, શાળાઓને કોલેજોમાં તેમજ ગામડાના લોકમેળાઓમાં ખૂબ ગવાતા હતા. વીર સાવરકરને તે વખતે "આઝાદીના ગવૈયા" નું બિરૂદ મળ્યું હતું. એવા આઝાદીના લડવૈયા અને સ્વાતંત્ર્યસેનાની વીર સાવરકરે તા.૨૬ મી ફેબ્રુઆરી ૧૯૬૬ ના રોજ પ્રાણનો ત્યાગ કરી આત્મસમર્પણ કર્યુ હતું. એમનાં જ જન્મસ્થળ ભગુર (નાસિક) જે ધાર્મિક અને ઐતિહાસિક નગરી છે ત્યાં ૨૫ અને ૨૬ ફેબ્રુઆરીને ૨૦૧૬ના રોજ તેમની ૫૦મી પુણ્યતિથી આત્મસમર્પણ દીન નિમિત્તે આંતરરાષ્ટ્રીય સંસ્થા કર્નાળા ચેરીટેબલ ટ્રસ્ટ ગુજરાત, પૂના, થાણે અને અન્ય મંડળોના સંયુક્ત ઉપક્રમે રાજ્યસ્તરીય સાહિત્ય સંમેલન તેમજ કાર્યકર્તા મિત્રમેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં સમગ્ર ભારત ભરમાંથી સ્વાતંત્ર્ય સેનાનીઓ અને તેમના પરિવારો, સાંસદો, ધારાસભ્યો, રાજકીય અગ્રણીઓ, રાષ્ટ્રીય સામાજીક અગ્રણીઓ, સાહિત્યકારો સહિત વીર સાવરકર પ્રેમીઓ ઉપસ્થિત રહેશે. આ સંમેલનમાં ગુજરાત ભરમાંથી પણ મોટી સંખ્યામાં એમના પ્રશંસકો, દેશપ્રેમીઓ અને સ્વાતંત્ર્યસેનાનીઓ ઉપસ્થિત રહેશે.

બે દિવસીય આ સંમેલનમાં વીર સાવરકરની વિચારધારા તેમજ સાહિત્યનો દેશ અને વિશ્વમાં અખંડ પ્રચાર-પ્રસાર કરી રાષ્ટ્ર વીરતાની ભાવના ઉત્પન્ન કરી નવા સમાજનું નિર્માણ થાય એવા ક્રાંતિકારી વિચારો સામેની સમજુ યુવા ભાવિ પેઢીને તૈયાર કરવા માટેની પ્રતિતિ સાધ્ય સાહિત્ય રૂપી રજુઆત કરવામાં આવશે. આ પચાસમાં આત્મ સમર્પણ દિન નિમિત્તે આ સંમેલનમાં ક્રાંતિકારીઓના જીવનની કહાનીનું પ્રદર્શન, સાહિત્ય દિંડી, રંગોળી પ્રદર્શન, વ્યાખ્યાનો, ચર્ચા-પરિસંવાદો, મેળાવડાઓ તેમજ વીર ઉત્સવ સહિત અનેક સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સાવરકર દર્શન કાર્યક્રમમાં "સ્મરણિકા" ગ્રન્થનો વિમોચન કરવામાં આવશે. આ ગ્રન્થમાં અનેક વિવિધ વિચારવંત, અભ્યાસુ કાર્યકર્તાઓના વિચારોને લેખન સામગ્રી પ્રકાશિત કરવામાં આવી છે. આ સંમેલનમાં દેશભરમાંથી પધારેલ હાલમાં હયાત સ્વાતંત્ર્ય સેનાનીઓ અને સ્વર્ગસ્થ સેનાનીઓના પરિવારોને શાલ ઓઢાડી, સ્મૃતિ ચિન્હ વગેરે આપી બહુમાન કરવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્નાળા ચેરીટેબલ ટ્રસ્ટનાં આંતરરાષ્ટ્રીય અધ્યક્ષશ્રી ચન્દ્રકાન્ત શહાસને સહિત સંસ્થાના અન્ય મુખ્ય હોદેદારો દ્વારા કરવામાં આવ્યું છે.